ગાંધીનગર સમાચાર
ઉત્તર ગુજરાત
સાબરકાંઠા - અરવલ્લી


# યાત્રાધામ શામળાજીમાં શ્રદ્ધાનો સાગર દેખાયો

## જિલ્લામાં શ્રદ્ધા સાથે જન્માષ્ટમી પર્વની ઉજવણી સંપન્ન : રાતના ૧૨-૦૦ના ટકોરે જય કનૈયા લાલકી, હાથીઘોડા પાલખીના જયઘોષ ગાજી ઉઠ્યા

બાયડ તા.૩૧ ભગવાન કૃષ્ણના જન્મોત્સવ જન્માષ્ટમી પર્વની





જિલ્લામાં શ્રદ્ધા-ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. અરવલ્લીના યાત્રાધામ શામળાજીમાં શ્રદ્ધાળુઓને કોરોના ગાઈડલાઈન પ્રમાણે પ્રવેશ આપવામાં આવ્યો હતો. કોરોનાના કારણે મટકી ફોડ, શોભાયાત્રાના કાર્યક્રમ રદ કરાયા હતા. રાત્રે ૧૨-૦૦ના ટકોરે બાળકનૈયાનો જન્મ થતાંની સાથે જ શામળાજીમાં ભક્તિ-આસ્થાનો અનેરો મહાસાગર જોવા મળ્યો. જન્મોત્સવ બાદ ઉપસ્થિત ભક્તોને પંજરીનો પ્રસાદ આપવામાં આવ્યો હતો. શામળાજી ઉપરાંત જિલ્લાના અનેક વિસ્તારોમાં જન્માષ્ટમી પર્વની ઉજવણી સંપન્ન થઈ હતી. વરસાદની અછતથી પીડાતા જિલ્લામાં જન્માષ્ટમીના દિવસેવરસાદ વરસતાંખુશાલી જોવા મળી.

કૃષ્ણ નામમાં જ આકર્ષણની શક્તિ રહેલી છે. કુરૂક્ષેત્રના યુદ્ધના મેદાનમાંથી ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાનો ઉપદેશ આપ્યો છે જેના આધારે મનુષ્ય સંસારમાં આવતી આધિ, વ્યાધિ અને ઉપાધિઓમાંથી મુક્તિ મેળવી સદૈવ પ્રસન્નતામુક્ત જીવન વ્યતિત કરતો હોવાથી ભક્તોને હંમેશાં કૃષ્ણનું આકર્ષણ રહ્યું છે. તેમાંય બાળગોપાલનું સ્વરૂપ નાના-મોટા સૌને વ્હાલુ લાગતું હોય છે. દર વર્ષે જિલ્લામાં જન્માષ્ટમીના પાવન પર્વ નિમિત્તે કૃષ્ણ મંદિરોમાં બાળકૈનયાના જન્મને વધાવવા માટેની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવતી હોય છે. તા.૩૦ના રોજ જન્માષ્ટમીનું પાવન પર્વ હોવાથી કૃષ્ણ ભક્તોમાં સવારથી જ અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં મટકી ફોડના કાર્યક્રમો આયોજીત કરાયા હતા તો કૃષ્ણ મંડળ દ્વારા રાસ તેમજ ભજન સહિતના કાર્યક્રમોના કારણે કૃષ્ણ ભક્તિની લહેર જોવા મળી. જ્યારે રાત્રે ૧૨-૦૦ કલાકે બાળકનૈયાના જન્મોત્સવનું ઠેર ઠેર ભવ્ય આયોજન થતાં સમગ્ર જિલ્લો રાત્રે જય કનૈયા લાલકી, હાથીઘોડા પાલખીના જયઘોષ સાથે ગુંજી ઉઠ્યો હતો. જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજીમાં દૂર દૂરથી કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે કાળીયાઠાકરના દર્શનાર્થે ભક્તો ઉમટી પડ્યા હતા. જિલ્લાના ગ્રામ્ય અને શહેરી



વિસ્તારોમાં કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે સાદગી સાથેની શોભાયાત્રા સાથે મટકી ફોડના કાર્યક્રમો આયોજીત કરાયા હતા. જિલ્લામાં જન્માષ્ટમીનું પાવન પર્વ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થાય તે માટે બંન્ને જિલ્લામાં પોલીસ તંત્ર દ્વારા ખાસ ચોંપતો બંદોબસ્ત ઉભો કરવામાં આવતાં કૃષ્ણઘેલા ભક્તોએ નિર્વિઘ્ને જન્માષ્ટમીના પર્વની ઉજવણી કરી હતી.

# તહેવારોની રજાઓમાં વિજયનગરની પોળો પ્રવાસીઓથી ઉભરાઈ



## એન્ટ્રી ફી ના નામે ઉઘરાણાની ફરિયાદ ઉઠી

બાયડ તા.૩૧ શ્રાવણ માસમાં એક પછી એક તહેવારોની રજાઓ શરૂ થતાં સાબરકાંઠાના સૌંદર્યરૂપી ઘરેણું ગણાતી વિજયનગરની જૈન પોળોમાં પ્રવાસીઓનો ધસમસતો પ્રવાહ શરૂ થયો છે. દૂર દૂરથી સહેલાણીઓ પોળોનું કુદરતી સૌંદર્ય માણવા માટે ઉમટી રહ્યા છે ત્યારે કેટલાક લેભાગુ તત્વો દ્વારા પ્રવાસીઓ પાસેથી એન્ટ્રી ફી ના નામે ઉઘરાણું કરાતું હોવાની ફરિયાદ ઉઠી છે. વરસાદની ઋતુમાં પોળો પૂર્ણ કળાએ ખીલી ઉઠ્યું છે. જેથી દૂર દૂરથી આવતા પ્રવાસીઓ પાસે એન્ટ્રી ફીના નામે રૂા.૫૦ પડાવવામાં આવતાં પ્રવાસીઓમાં હોબાળો મચી ગયો છે. ખોટા નામે પોળોમાં ઓફીસ ખોલીને પ્રવાસીઓને ખંખેરનારા તત્વો કોના ઈશારે એન્ટ્રી ફીનું ઉઘરાણું કરી રહ્યા છે તે તપાસનો વિષય બન્યો છે.

જિલ્લાના વિજયનગરનું ગાઢ જંગલ અને તેના પૌરાણિક સ્થળોનો આગવો ઈતિહાસ રહ્યો છે. ૧૫મી સદીના સ્થાપત્યોની બેજોડ શિલ્પ કલા કલાપ્રેમીઓ માટે સંશોધનનો વિષય બન્યો છે. પોળોના વિકાસ માટે રાજ્ય સરકારે કરોડો રૂપિયાનું આંધણ કર્યું છે પરંતુ પ્રવાસીઓ માટેની પાયાગત સુવિધાઓના નામે મીંડું જણાઈ રહ્યું છે. હાલમાં પોળોમાં જરૂરી સુવિધાઓ ઉભી થતી હોવાથી પ્રાચીન સ્મારકોમાં પ્રવેશબંધી ફરમાવવામાં આવી છે પરંતુ રોજ અસંખ્ય પ્રવાસીઓ પોળોમાં ઉમટી રહ્યા છે. તેમાંય શ્રાવણ માસના તહેવારોની રજાઓના કારણે પોળોમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં બમણો વધારો થતાં હવે યેનકેન પ્રકારે પ્રવાસીઓને ખંખેરવાની શરૂઆત થઈ છે. જેમાં ચોક્કસ ઈસમો ખોટા નામે પોળોમાં ઓફીસો ખોલી એન્ટ્રી ફી ના નામે પૈસા પડાવતા હોવાથી પ્રવાસીઓમાં હોબાળો મચી ગયો છે. ચોમાસાની સીઝનમાં પોળોનું કામણ સોળેકળાએ ખીલી ઉઠ્યું છે ત્યારે કોના ઈશારે પ્રવાસીઓ પાસેથી ઉઘરાણું થઈ રહ્યું છે..?? તેની તપાસ જરૂરી બની છે. કારણ કે અગાઉ પોળોમાં પ્રવેશ બંધી હોવા છતાં જવાબદાર કર્મચારી દ્વારા લાગવગશાહીવાળા પ્રવાસીઓને સ્થાપત્યો સુધી પ્રવેશ આપવાનો મુદ્દો તાજો છે ત્યાં હવે ઉઘરાણાની ફરિયાદ ઉઠી છે.

# વિજયનગર પોળો ફોરેસ્ટમાં એન્ટ્રી ફી ઉઘરાવાનો વિડીયો વાઈરલ

## તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે ગાઇડને છુટા કરાયા

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર પોળો ફોરેસ્ટમાં રાજયના વિવિધ જિલ્લાઓ માંથી પ્રવાસીઓ કુદરતી પ્રકૃતિ સૌંદર્ય નિહાળવા મોટી સંખ્યામાં આવતા હોય છે. પોળો ફોરેસ્ટ ખાતે પ્રવાસીઓ કેટલાક ખાનગી તેમ જ ફોરેસ્ટ ગાઈડ દ્વારા પ્રવાસીઓને આસપાસના પ્રવાસન સ્થળો બતાવવા માટે ગાઈડ રાખતા હોય છે. પ્રવાસીઓના ધસારાને ધ્યાને લઈને કેટલાક લોકો દ્વારા ઓફિસ ખોલીને એન્ટ્રી ફીના નામે રૂ. ૫૦ વસૂલાતા હોવાના અહેવાલને પગલે પ્રવાસીઓને જંગલ દર્શન કરાવતા હોવા અંગેનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં વહીવટી તંત્ર અને ફોરેસ્ટ વિભાગ એક્શનમાં આવ્યું છે. આ અંગે જિલ્લા કલેકટર શ્રી હિતેષ કોયા દ્વારા તાત્કાલિક બેઠક બોલાવીને તપાસ કરાતા ફોરેસ્ટ વિભાગનો ગાઈડ કેટલાક લોકોને એન્ટ્રી ફીના નામે વધારાના પૈસા લઈને પોળો ફોરેસ્ટમાં એન્ટ્રી ફીના નામે પૈસા ઉઘરાવતો હોવાની હકીકત સામે આવતા ગાઈડને તાત્કાલિક ધોરણે ત્યાંથી છુટા કરાયા છે અને તેમના ઉપર પોલીસ ફરિયાદ કરવાની સૂચના આપી છે, તથા એન્ટ્રી ફીના નામે પ્રવાસીઓ પાસેથી જે પૈસા ઉઘરાવેલા તે પરત કરવા પણ સૂચના અપાઈ છે. આ



એન્ટ્રી પ્રવાસીઓ માટે વિનામૂલ્યે છે, છતાં ફી વસુલાત ગેરકાયદેસર છે અને ભવિષ્યમાં આવું ન બને તે બાબતની કાળજી રાખવા કડક સૂચના આપી તાકીદ કરાઈ છે. કોઈપણ પ્રવાસી સાથે આવું થાય તો વહીવટીતંત્ર અને ફોરેસ્ટ વિભાગના નાયબ વન સંરક્ષક તથા અન્ય અધિકારીઓનું ધ્યાન દોરવા એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે. આ પ્રવાસન સ્થળ જિલ્લાની એક આગવી ઓળખ છે જે કાયમ લોકોમાં બની રહે તેવા પ્રયત્નો કરવા જણાવાયું હતું.

# અરવલ્લી જિલ્લા મથકે તેમજ તાલુકા કક્ષાએ ૧૧ સપ્ટેમ્બરે લોકઅદાલત

બાયડ , તા.૩૧ મોડાસા ખાતે ચેરમેન અને પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જિલ્લા અદાલત, મોડાસાનાં અધ્યક્ષ સ્થાને તથા તાલુકા કક્ષાએ મોડાસા, ધનસુરા, બાયડ, મેઘરજ, માલપુર અને ભિલોડા કોર્ટોમાં આગામી તારીખ ૧૧ સપ્ટેમ્બર શનિવારના રોજ સવારના ૧૦: ૩૦ કલાકે નેશનલ લોક અદાલત યોજાશે. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તામંડળ, અમદાવાદના માર્ગદર્શન હેઠળ આ લોકઅદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

આ લોક અદાલતમાં અરવલ્લી જીલ્લાની તમામ કોર્ટોમાં ચાલતા કિમીનલ કંમ્પાઉન્ડેબલ કેસો, નેગોશીએબલ ઈન્સ્ટમેન્ટ એકટની કલમ-૧૩૮ હેઠળના કેસો, બેંક રિકવરી વળતરના કેસો, વાહન અકસ્માતના રિપોર્ટવાળા કેસો તથા દરખાસ્તો સહિત, કૌટુંબિક તથા લગ્ન જીવનને લગતા કેસો, શ્રમયોગી સંબંધિત તકરારને લગતા કેસો, જમીન સંપાદન હેઠળના કેસો, વીજળી તથા લાઈટ બીલના કેસો ( ચોરી સિવાયના કેસો), દિવાની કેસો જેવા કે ભાડુઆત સંબંધિત, બેક લેણા તથા સીવીલ દરખાસ્તો કોર્ટમાં પેન્ડીંગ હોય તેવા કેસો લોક અદાલતમાં મુકી પક્ષકારોની સંમતિથી સમાધાનથી ફેસલો કરી શકાશે.

વધુમાં ઉક્ત કેસોમા લોક અદાલતના માધ્યમથી સમાધાન કરવા ઈચ્છા ધરાવતા તમામ પક્ષકારોને સંબંધીત કોર્ટનો સંપર્ક કરી તાત્કાલીક અરજી કરવી જેથી સામા પક્ષકારને નોટીસ કરી હાજર રખાવી સમાધાનથી કેસ પુરો કરી શકાય. પ્રિલિટીગેશન કેસો અથવા પેન્ડીગ કેસો જે અરવલ્લી જિલ્લા ન્યાયાલયમાં કે તાલુકા કક્ષાની અદાલતોનાં કાર્યક્ષેત્રમાં હોય ત્યાં જે તે વ્યક્તિએ કે તેમનાં વકીલે સંબંધીત કોર્ટમાં કેસ તારીખ : ૧૧/૦૯/૨૦૨૧ (શનિવાર) ના રોજ આયોજીત "નેશનલ લોકઅદાલત" માં મૂકવા સંપર્ક કરી શકાશે.


લોક અદાલતમાં કેસોનો ઝડપી નિકાલ આવે છે અને વળતર અરજીના કિસ્સામાં અરજદારને વળતરના નાણાં ઝડપથી મળે છે. આ લોકઅદાલતનો મહત્તમ લાભ લેવા અને આ લોકઅદાલતમાં તમામ પ્રકારના સમાધાનપાત્ર કેસો મૂકવા માટે અરવલ્લી જિલ્લાના દરેક વકીલોને તથા નાગરીકોને જિલ્લા કાનુની સેવા સત્તા મંડળનાં સેક્રેટરીએ અપીલ કરી છે.

# મોડાસામાં સાબરમતી ગેસનું જોડાણ આપવામાં એજન્સીની મનમાની

## ૬ મહિનાથી ગ્રાહકને જોડાણ ન અપાતાં રોષ

બાયડ તા.૩૧ મોડાસાની પંચજયોત સોસાયટીમાં રહેતા સોની પરિવારે સાબરમતી ગેસ કનેક્શનના જોડાણ માટે જરૂરી રકમ ભરી હોવા છતાં એજન્સીના જવાબદારો દ્વારા મનમાની કરવામાં આવી રહી છે. છેલ્લા ૬ મહિનાથી ગ્રાહકને જોડાણ આપવામાં એજન્સી દ્વારા ઠાગાઠૈયા કરવામાં આવતાં રોષ છવાયો છે. જ્યારે મોડાસા સ્થિત કંપનીના જવાબદારો ગ્રાહકને યોગ્ય રીતે જવાબ આપતા ન હોવાથી આ અંગે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ થવાની તૈયારી કરવામાં આવી છે. સોસાયટીના અન્ય રહીશોને જોડાણ આપવામાં આવ્યાં છે તો પછી સાબરમતી ગેસ એજન્સી લી.ના જવાબદારો સોની પરિવારને કાયદેસર જોડાણ આપવામાં કેમ પાછળ પાછળ ફેરવી રહ્યા છે તે તપાસનો વિષય બન્યો છે.

અરવલ્લીના પાટનગર મોડાસામાં સાબરમતી ગેસની લાઈન નંખાયા પછી ગ્રાહકોએ ગેસ કનેક્શન લેવા માટે ઉત્સાહ દાખવ્યો છે પરંતુ કોઈને કોઈ બહાને કંપની દ્વારા પૈસા ભર્યા પછી ગ્રાહકોને હેરાન પરેશાન કરવામાં આવતા હોવાની વ્યાપક ફરિયાદો છે. મોડાસાના માલપુર રોડ ઉપરની પંચજ્યોત સોસાયટીમાં રહેતા જીતેન્દ્રકુમાર સોનીએ સાબરમતી ગેસનું જોડાણ લેવા માટે ૧૦-૨-૨૦૨૧ના રોજ કનેક્શન માટે ભરવાના થતા રૂા.૨૯૫૦ની રકમ ભરી દીધી હોવા છતાં છેલ્લા ૬ મહિનાથી સોની પરિવારને સાબરમતી ગેસ એજન્સી દ્વારા કનેક્શન આપવામાં આવતું નથી.



Application No.: 297495
Sabarmati Gas Ltd.
(A Joint Venture of GSPC & BPCL)
Date : 10/2/2021
Received From સોનિ જતિન્દ્રકુમાર જી.
a sum of Rs. બે હજાર નવસો પચાસ પુરા through Cheque/DD No. "095763"
Drawn on BOI towards Registration Charges.
For, Sabarmati Gas Ltd.
Rs. 2950/-
Note : Cheque is subject to realization
(3 of 4)

કંપનીના જવાબદારોનો સંપર્ક કરવામાં આવ્યો તો મુખ્ય જવાબદાર સુધી વાત પહોંચાડવાને બદલે કંપનીના અન્ય માણસો ગ્રાહકને ગોળ ગોળ જવાબ આપી રહ્યા છે. વારંવાર ગેસ જોડાણ કેમ આપવામાં આવતું નથી તેની પૃચ્છા કરવા છતાં ગ્રાહકને કોઈ સંતોષકારક જવાબ આપવામાં આવતો ન હોવાથી એજન્સી સામે રોષ ભભૂક્યો છે. સાબરમતી ગેસ એજન્સીના મુખીયાને ગ્રાહક સાથે વાત કરવાનો પણ સમય ન હોય તેમ એજન્સીના અન્ય માણસો સંપર્ક નંબર આપવાથી પણ હાથ ઉંચા કરી રહ્યા છે. ગ્રાહકે પૈસા ભર્યા હોવા છતાં સાબરમતી ગેસ એજન્સીના જવાબદારો મનમાની રીતે વર્તન કરતા હોવાથી તેમજ ગેસ જોડાણ આપવામાં ઠાગાઠૈયા કરી રહ્યા છે જેથી જાગૃત ગ્રાહક દ્વારા આ અંગે ઉચ્ચ કક્ષાએ ફરિયાદ કરવાની તૈયારી શરૂ કરી છે.

### ૬ મહિનાથી એક જ જવાબ : સાહેબનો નંબર હું ન આપી શકું

મોડાસાની પંચજ્યોત સોસાયટીમાં રહેતા સોની પરિવારે સાબરમતી ગેસ એજન્સીના જોડાણ માટે પૈસા ભર્યા હોવા છતાં છેલ્લા ૬ મહિનાથી કનેક્શન આપવામાં આવતું નથી. જ્યારે કંપની દ્વારા ગ્રાહકને અપાયેલા મોબાઈલ નંબર ઉપર ફરિયાદ કરી મુખ્ય જવાબદાર સુધી વાત પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે કંપનીના કર્મચારીએ એક જ રટણ રાખ્યું છે કે સાહેબનો નંબર હું ન આપી શું ત્યારે હવે ગ્રાહકે ત્રાસીને ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવાનું વિચાર્યું છે.

# વિસનગરમાં મોડી સાંજે વીજળી પડતાં બેના મોત

મહેસાણા , તા.૩૧ વિસનગર તાલુકા માં આવેલ ગણપતપુરા ગામ માં સોમવારે મોડી સાંજે વરસાદી માહોલ જામ્યો હતો, તે દરમિયાન વિજળી પડતા ૨ ના મોત થયા હોવાની માહીતી પ્રાપ્ત થઈ છે. ગણપતપુરા ગામ ની સીમ માં એક મહિલા અને એક યુવાન પર વીજળી પડતા ઘટના ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જોકે બને મૃતકો ને પોસ્ટમોર્ટમ માટે મહેસાણા સિવિલ લાવામાં આવ્યા હતામહેસાણા જિલ્લા માં ગઈ કાલ બપોરેથી વાતાવરણ માં એકાએક પલટો થતા ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જોકે આવા વરસાદી માહોલ વચ્ચે જિલ્લા ના વિસનગર તાલુકા માં આવેલા ગણપત પુરા ગામ માં દુઃખદ ઘટના ઘટી હતી. જે અંગે મળતી માહિતી પ્રમાણે ગણપત પુરા ગામ માં આવેલી સીમ માં એક મહિલા અને એક યુવાન પર વીજળી પડતા બને ના ઘટના સ્થળે મોત નીપજ્યા હતા સમગ્ર ઘટના માં મહિલા અને યુવાન સાંજ ના સમયે ખેતર માં ઘાસ ચારો લેવા ગયા હતા એ દરમિયાન એકાએક વીજળી પડતા બને ના ઘટના સ્થળે મોત નિપજતા ગામ માં શોક નું મોજું ફળી વળ્યું છે આ ઘટના માં ઠાકોર સુખીબેન તલાજી અને ૧૭ વર્ષીય ઠાકોર નાગજી રમેશજી નું મોત થયા હોવાની વિગતો બહાર આવી છેજોકે સ્થાનિકો ને જાણ થતાં વિસનગર તાલુકા પોલીસ ને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી જોકે બાદ માં બને મૃતકો ની લાસો ને પોસ્ટમોર્ટમ અર્થે મહેસાણા સિવિલ ખાતે લેવામાં આવી હતી.

# બનાસકાંઠા જિલ્લામાં લાંબા વિરામ બાદ પાલનપુરમાં સૌથી વધુ વરસાદ નોંધાયો

પાલનપુર ,તા.૩૧ બનાસકાંઠા જિલ્લાના બે દિવસથી સાંજના સુમારે વરસાદ થતા ખેડૂતોના મુર્જાતાં પાકોને નવ જીવન મળ્યું છે. અચાનક વાતાવરણમાં પલ્ટો આવતા જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે. જે પ્રમાણે મેઘરાજાએ મોડે મોડે પધરામણી કરી છે તેનાથી ખેડૂતોમાં ફરી આશા બંધાઈ છે.જિલ્લાના તાલુકામાં નોંધાયેલા વરસાદની વિગતો જોઈએ તો અમીરગઢમાં ૧૫ મિમી કાંકરેજમાં ૧૫ મિમી ડીસામાં ૦૨ મિમી થરાદમાં ૨૨ મિમી દાંતામાં ૦૨ મિમી દાંતીવાડામાં ૦૪ મિમી ડિયોદરમાં ૧૧ મિમી ધાનેરામાં ૦૯ મિમી પાલનપુરમાં ૫૦ મિમી ભાભરમાં ૧૮ મિમી લાખણીમાં ૦૭ મિમી વડગામમાં ૩૩ મિમી વાવમાં ૧૨ મિમી સુઇગામમાં ૦૯ સમગ્ર જિલ્લામાં આ વર્ષમાં ૨૮.૪૧ ટકા એવરેજ વરસાદ નોંધાયો છે

# અમીરગઢના રાણાવાસની સીમમાં જુગાર રમતા સાતને અમીરગઢ પોલીસે ઝડપી પડ્યા

અમીરગઢ ના રાણાવાસ ગામે પાસે ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ ઈસમોને અમીરગઢ પોલિસે જુગાર ઝડપી પડ્યા છે, જેના રોકડ રકમ સહિત ૨૦ હજારથી વધુ મુદ્દામાલ કબ્જે લઈ આગળ ની તાપસ હાથ ધરી છે.અમીરગઢ પોલીસ પેટ્રોલીંગમાં દરમ્યાન રાણાવાસ ગામે આવતા આઉટ.પોસ્ટ.કોસ્ટેબલ ધરમપાલસીહને મળેલ ખાનગીરાહે બાતમી હકિકત આધારે રાણાવાસની સીમમાં મોબાઈલ લાઈટના અજવાળામાં જાહેરમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ૬ ઈસમોને ૧૨,૮૦૦ રોકડ રકમ ૩ મોબાઈલ સહિત કુલ મુદ્દામાલ ૨૦,૩૦૦ નો અમીરગઢ પોલીસે કબ્જે લઈ તમામ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા અમીરગઢ પોલીસ સ્ટેશન ખાતે ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરેલ છે.